જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦


તા.૧૦/૦૩/૨૦૧૬ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૬૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી ૩૧ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૭ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા મુજબ ૧ કેસ કરી ૨ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૩૨૩૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૬૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૪૬૨/૧૬**

**મણીનગરઃ** દેવાંગભાઈ નવીનચંદ્ર શાહ (રહે.કુમુદ એપાર્ટમેન્ટ જુની આરાધના સ્કૂલ પાસે પ્રભુકૃપા સોસાયટી દક્ષીણી મણીનગર) એ તા.૯/૩/૧૬ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૩/૧૬ સવારના ૧૦/૩૦ થી તા.૨/૩/૧૬ સવારના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.વી.બારીયા ચલાવે છે.

**એલીસબ્રીજઃ** જ્યોતિન્દ્ર પ્રભાકર પંડીત (રહે.વશિષ્ટ એપાર્ટમેન્ટ એલ કોલોની સામે જુના પાંજરાપોળ રોડ આંબાવાડી) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૩/૧૬ સવારના ૧૧/૪૫ થી બપોરના ૧/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીનાં દાગીના, લેપટોપ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૭,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી પી સોનારા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>**લુંટની ફરીયાદઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૪૬૩/૧૬**</u>

**શહેરકોટડાઃ** રાજુભાઈ બાબુભાઈ પટેલ (ઉ.વ.૪૫) (રહે.પુરષોત્તમનગર વિરાટનગર ઓઢવ) ( આંગડીયા પેઢીના મેનેજર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રાજુભાઈ પટેલ અને સાહેદ પ્રકાશભાઈ તા.૮/૩/૧૬ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે (ઠક્કરનગર અરવિંદ કાંતીલાલ) આંગડીયા પેઢીના ઈમીટેશન જવેલરી પાર્સલ લઈ રિક્ષામાં બેસી સરસપુર વોરાના રોજા નવા બનેલ રસ્તા ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે મોટર સાયકલ ઉપર આવેલ ચાર પુરૂષોએ રિક્ષા આંતરી રિક્ષા ઉભી રખાવતા (રાજુભાઈ ઉપર અગાઉ પણ હુમલો થયેલ હોવાથી) રાજુભાઈ રિક્ષામાંથી ઉતરી ભાગ્યા હતા અને પ્રકાશભાઈ રિક્ષામાંથી ઉતરતા ચાર પુરૂષો પૈકી એક પુરૂષે પ્રકાશભાઈની આંખમાં મરચાની ભુકી નાખતા પ્રકાશભાઈ પણ ત્યાથી થોડે દુર ભાગી જતા રિક્ષામાંથી ચાર થી પાંચ પાર્સલ અને રોકડ રૂપિયા ૩૩,૦૦૦/- મતા લઈ ચારેય પુરૂષો ભાગી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન આર મકવાણા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)